Ftem NO: 48.14

# કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ

ધોળાકુવા, દાહોદ રોડ, આ.કૃ.યુ., ગોધરા


ડો આર.સુબ્બૈયાહ
આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ

ઈમેલ:dean.caet@aau.in
ફોન.નં: ૦૨૬૭૨-૨૬૫૦૨૭


જા.નં. આકૃયુ/કૃઈટેકો/એફ.એમ.પી.ઈ./ વો.કો./ 4166 /૨૦૧૮ તા: ૧૬/૧૦/૨૦૧૮

પ્રતિ શ્રી,

સહ પ્રાધ્યાપકશ્રી

રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરીષદ,

કૃષિ ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધી નગર.

Office of the Registrar A.A.U., ANAND. 26 OCT 2018 INWARD NO. 10148

By R.P.A.D.

મારફત: વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી આ કૃ યુ, આણંદ.

વિષય: કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, આ કૃ યુ, ગોધરા ખાતે ચાલતા તાલીમ કાર્યક્રમ, વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજીનો સમયગાળો અને તે મુજબના સૂચિત વિનિયમો તથા અભ્યાસક્રમ નિયામક મંડળે મંજૂર થયેલ પ્લાન યોજનાના ઠરાવમાં સુધારો કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા બાબત...

સંદર્ભ: આ.કૃ.યુ./રજી/એકે(મીટીંગ)/(૧૨૩)/૨૧૨૩-૨૧૩૩/૨૦૧૮ તા: ૦૧/૧૦/૨૦૧૮

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હેઠળ કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરા ખાતે એક વર્ષનો વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કાર્યક્રમ બે મોડ્યુલ (મોડ્યુલ ૧: કૃષિ ઓજારોનું નિર્માણ, મરામત અને સારસંભાળ અને મોડ્યુલ ૨: વરસાદી પાણીનું હાર્વેસ્ટિંગ ટૂલ્સ એન્ડ ટેકનિક્સ) માં પ્લાન યોજના અંતર્ગત ચાલે છે. આ કોર્ષમાં વર્ષ ૨૦૧૭-૧૮ સુધીમાં કુલ ૧૬૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હતો. જેમાંથી કુલ ૮૬ વિદ્યાર્થીઓ કોર્ષમાં સફળતા પૂર્વક ઉતીર્ણ થયેલ છે. વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી કોર્ષમાં ઘણાં તાલીમાર્થીઓને અન્ય તક મળવાથી અધવચ્ચે કોર્ષ નો અભ્યાસ છોડી જવું પડેલ હતું . ગ્રામ્ય યુવા વર્ગ સ્વ રોજગારી કેળવી શકે તેમજ સારા અને નિપુણ ખેડુત બની શકે તેવા સદ હેતુથી શરૂ કરવામાં આવેલ આ તાલીમ કાર્યક્રમમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓની

મદદનીશ કુલસચિવ (એકેડેમીક)
આ.કૃ.યુ.,આણંદ
ઈનવર્ડ નંબર : 647
તારીખ : 26/10/2018

સંખ્યા ઉતરોતર ઘટતી જતી હોવાથી યુવા વર્ગને કૃષિ ઈજનેરી વિષય પર ચાલતા આ કોર્ષ પ્રત્યે રુચિ વધે અને વધુ તાલીમાર્થી પ્રવેશ મેળવે તે માટે સદર તાલીમ કાર્યક્રમના સમય ગાળા તથા તે અનુરૂપ વિનિયમો અને અભ્યાસક્રમમાં સુધારા કરવાની જરૂર જણાયેલ હતી.

જે અનુસંધાનમાં નિયામક મંડળની ૪૮મી બેઠકમાં મુદ્દા નં: ૪૮.૧૪થી નોંધ રજૂ કરવામાં આવેલ હતી. નિયામક મંડળે મંજૂર થયેલ પ્લાન યોજનાના ઠરાવમાં સુધારો કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા જણાવેલ છે. જે અન્વયે સદર તાલીમ કાર્યક્રમના બે મોડયુલ મર્જ કરી એક જ તાલીમ કાર્યક્રમ, "વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી", જેનો સમયગાળો ૧૨ માસના બદલે ૬ માસનો કરવા માટે તેમજ તે મુજબના સુધારેલ વિનિયમો અને અભ્યાસક્રમ આ સાથે સામેલ "પરિશિષ્ટ ૧ થી ૬" માં જણાવેલ વિગતો અનુસાર શૈક્ષણિક વર્ષ: ૨૦૧૮-૧૯ થી નિયામક મંડળે કરેલ ભલામણ મુજબ સરકારશ્રીમાં મંજૂર કરાવા માટે રજુ કરવા વિનંતી છે.

(સહી)
આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ

સામેલ: ૧. સંદર્ભિત પત્ર
૨."પરિશિષ્ટ ૧ થી ૬"
૩.મંજૂર થયેલ યોજનાની મૂળ દરખાસ્ત

–/– આ સાથે યોગ્ય દરજ્જ થવા ભલામણ છે

(સહી)
વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં./આકૃયુ/વિશિનિ/ગાંધેરા/૩૭૨૩-૨૫/૨૦૧૮
તા. ૨૪ / ૧૦ / ૨૦૧૮

નકલ સવિનય રવાના :-
૧. કુલ સચિવશ્રી, આકૃયુ, આણંદ
૨. આચાર્યશ્રી, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, આકૃયુ, ગોધરા.